# વિમલવસહિમાંના લેખો.

( ૧૩૨ )

આબુ પર્વત ઉપરના વિમલવસહિ નામના મંદિરમાં ન્હાના મ્હોટા અનેક લેખો છે પરંતુ તેમાંથી ફક્ત બે ત્રણ જ લેખો અત્યાર સુધીમાં પ્રકાશિત થયા છે. આ સંગ્રહમાંના બધા લેખો–એક બે ને બાદ કરીને પ્રથમ વાર જ પ્રકટ થાય છે. આ બધા લેખો અમદાબાદ નિવાસી શ્રાવક શાહ ડાહ્યાભાઈ પ્રેમચંદ વકીલ એમણે લીધા હતા. તેમની આપેલી નકલો ઉપરથી મ્હેં આ સંગ્રહમાં પ્રકટ કર્યા છે. ૧૩૩ નંબરનો લેખ મ્હને શ્રીમાન્ ડી. આર. ભાંડારકર. એમ. એ. તરફથી તેમના આર્કીઓલોજીકલ સ્ટાફમાંથી મળ્યો છે. વિમલવસહિમાંનો મુખ્ય લેખ, જે આ સંગ્રહમાં ૧૩૨ માં નંબરે મુકાણો છે, તે પ્રોફેસર એફ. કીલહોર્ને એપીગ્રાફીઆ ઇન્ડીકાના ૧૦ માં ભાગમાં (પૃષ્ઠ ૧૪૮ ઉપર ) વિવેચન સાથે પ્રકટ કર્યો છે.

એ લેખ ઉપર ઉક્ત પ્રોફેસરનું વિવેચન આ પ્રમાણે છેઃ–.

ઇ. સ. ૧૮૨૮ માં એચ. એચ. વીલ્સને એશીઆટીક રીસર્ચીસ, પુસ્તક ૧૬ ના પાન ૨૮૪ ઉપર અર્બુદ એટલે કે હાલના આબુ પર્વત ઉપર આવેલા લેખોનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો. આ અહેવાલ રાજપુતાનામાં આવેલા સીરોહી સ્ટેટના પોલીટીકલ એજન્ટ કેપ્ટન સ્પીઅર્સે ( Captain Speirs ) એશીયાટીક સોસાયટી ઑફ બૅંગાલ ( Asiatic Society of Bengal ) ને આપેલી નકલો ઉપરથી તૈયાર કરેલો છે. આ અહેવાલમાં નેમિનાથના દેવાલયમાં આવેલા બે મોટા લેખોમાંના એકનું પૂર્ણ ભાષાંતર પ્રો. વીલ્સને આપ્યું છે. આ લેખો, પહેલાં, ઈ. સ. ૧૮૮૩ માં મી. એ. વી. કાથવટેએ પ્રથમ પ્રસિદ્ધ કર્યા હતા અને તે, હવે, પ્રો. લ્યુડર્સે આજ પુસ્તકના ભાગ ૮, પાન ૨૦૦ ઉપર લેખોના ઉતારા સહ પ્રસિદ્ધ કર્યા છે. વળી એ અહેવાલમાં ‘ ઇન્ડીઅન ઍંટીકવેરી ’ ( Indian Antiquary ) ના પુસ્તક ૧૬, પાન ૩૪૭ [1]

---

૧ આ લેખની અનુકૃતિ ‘ભાવનગર ઈન્સ્ક્રીપ્શન્સ ’ પ્લેટ ૩૬ ( Bhavanagar Inscriptions ) માં આવેલી છે.



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

ઉપર મેં પ્રસિદ્ધ કરેલા અચલેશ્વરના દેવાલય નજીકના ગુહિલ લેખનું તથા ઉપર પાન ૭૯ [૧] માં મેં આપેલા અચલેશ્વરના દેવાલયના લેખનું ભાષાંતર આપ્યું છે. બીજા લેખો વિષે માત્ર ટુંક હકીકત આપી છે જેનો આધાર કોઇક વિદ્વાને લખેલા હીંદી પુસ્તક ઉપર રાખ્યો છે.

ત્યારબાદ ઘણાં વર્ષો સુધી આબુના લેખોના અભ્યાસ વિષે કાંઇપણ[૨] કરવામાં આવ્યું નથી. પરંતુ ૧૯૦૦-૦૧ ના શિયાળામાં જ્યારે વેસ્ટર્ન સરકલના આર્કીઑલૉજીકલ સર્વે ઑફ ઇંડીઆના સુપરીન્ટેન્ડેન્ટ મી. કાઉસેન્સ આબુ ઉપર હતા ત્યારે પર્વત ઉપરના સર્વ લેખોની નકલો તૈયાર કરાવી હતી. તેમણે આ બધી નકલો ગવર્નમેન્ટ એપીગ્રાફીસ્ટના તરફ મોકલાવી તેથી આ લેખોની સારી રીતે તપાસ થાય તેવો વખત તેમણે આપણને આપ્યો છે. તેમાંના ઘણા લેખો ઘણા જ નાના છે. તેમાંનો કોઈ પણ લેખ ઈ. સ. ના ૧૧ મા સૈકાથી જુનો નથી. આ સર્વમાંથી હાથ લાગતી ઐતિહાસિક બાબતો ઘણીજ થોડી છે. તેમાંના કેટલાક ઉપયોગી છે અને એવા લેખોનો ફેલાવો કરવાની જરૂર છે તથા બાકીના કેટલાકમાં તો માત્ર નામ, વાકય અગર શબ્દ વિગેરેજ જોવામાં આવે છે પરંતુ આવા લેખો ભવિષ્યમાં કોઇ વખત ઉપયોગી થઇ શકે.

મી. કાઉસેન્સે મેળવેલા લેખો જે પ્રો. હુલ્ટઝે ( Prof. Hultzsch) મારા તરફ મોકલ્યા છે, તે બધા મળીને ૨૯૮ છે, જેમાંના ૨૭૦ શાહીના છે અને ૧૮ નજરથી કાઢેલા છે. ૨૯૮ માંથી ૧૪૮ લેખો ઋષભ ( આદિનાથ ) ના દેવળમાંથી મળેલા છે જે દેવળ વિમલે[૩] બંધાવ્યું હતું. ૯૭ લેખો

૧ વધારામાં, પ્રો. વીલ્સને ઈંડીઅન ઍંટીકવેરી, પુ. ૧૧ પાન. ૨૨૧ ઉપર ડાકટર કાર્ટેલીરી ( Cartellieri ) એ પ્રસિદ્ધ કરેલા વિ. સં. ૧૨૬૫ નો લેખ જે હાલમાં સિરોહી ગામમાં રાખવામાં આવ્યો છે તેનું ભાષાંતર પણ આપ્યું છે; જુઓ પ્રોગ્રેસ રીપોર્ટ ઑફ ધી આર્કીઑલૉજીકલ સર્વે ઑફ ઇંડીઆ, વેસ્ટર્ન સરકલ, સન. ૧૯૦૫-૦૬ પાન ૪૭,

( ૨ ) ( પ્રો. વીલ્સને ભાષાંતર કરેલા લેખો ઉપરાંત ) પ્રસિદ્ધ થએલા લેખો માટે જુઓ—મારૂં નોર્ધર્ન લીસ્ટ નં. ૨૬૧ અને ૨૬૫.

( ૩ ) લેખોમાં દેવાલયનું નામ विमल वसहिका, विमलस्य वसहिका, विमलवसही અને विमलवसतिकातीर्थ છે તથા ભાષાનાં પુસ્તકોમાં પણ विमलवसति છે. ઉપર પાન ૮૧ માં મેં પ્રથમથી કહેલું જે કે ' વિમલસાહ ' અગર ' વિમળશાહ ' અને હાલનું ' વિમલસા ' આ નામો ' વિમલવસહિકા '



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

તેજઃપાળના બંધાવેલા નેમિનાથના મંદિરમાંથી મળેલા છે;[1] ૩૦ અચલેશ્વરના દેવળમાંથી તથા ૧૩ અન્યસ્થળેથી મેળવેલા છે. વિમળ મંદિરના લેખોમાંના ૧૨૬ ને મિતિ માંડેલી છે તેમાંનો સૌથી જુનો લેખ [ વિ. ] સં. ૧૧૧૯ ( લગભગ ઈ. સ. ૧૦૬૨ ) નો છે જે ( નં. ૧૭૮૦, મી. કાઉસેન્સ લીસ્ટ ) ચાલુક્ય રાજા ભીમદેવ પહેલાના એક પ્રધાનનો છે; નવામાં નવો લેખ ( નં. ૧૮૭૪ ) [ વિ. ] સં. ૧૭૮૫ ( લગભગ ઈ. સ. ૧૭૨૮ ) નો છે. એ લેખોની વચ્ચેની મિતિ વાળા લેખોમાં વિ. સં. ૧૨૪૫ ( ૨૨ લેખો )ના તથા ૧૩૭૮ ( ૨૫ લેખો ) ના વધારે છે. તેજઃપાળના દેવાલયના લેખોમાં ૭૭ લેખો ઉપર મિતિ નાંખેલી છે; અને આ લેખોમાં જુનામાં જુના લેખો વિ. સં. ૧૨૮૭ ( લગભગ ઈ. સ. ૧૨૩૦ ) ના છે જે વર્ષમાં એ મંદિર બંધાવવામાં આવ્યું હતું. નવામાં નવો લેખ ( નં. ૧૭૪૮ ) [ વિ. ] સં. ૧૯૧૧ ( લગભગ ઇ. સ. ૧૮૫૪ ) નો છે. વિ. સં. ૧૨૮૭ અને ૧૨૯૭ વચ્ચેની મિતિના ઓછામાં ઓછા ૪૭ લેખો છે. અને ૧૩૪૬ થી ૧૩૮૯ વચ્ચેના ૯ છે. અચળેશ્વરના દેવળના ૩૦ લેખોમાંથી ૨૨ ઉપર મિતિ નાંખેલી છે. જુનામાં જુનો લેખ ( નં. ૧૯૫૦ ) [ વિ. ] સં. ૧૧૮૬ ( લગભગ ઇ. સ. ૧૧૨૯ ) નો છે જે લગભગ સઘળો જતો રહ્યો છે. બીજો એક લેખ ( નં. ૧૯૪૧ ) [ વિ. ] સં. ૧૧૯૧ નો હોય તેમ લાગે છે. મને ચોક્કસ લાગે છે તે લેખ મી. કાઉસેન્સના લીસ્ટનો નં. ૧૯૫૧ છે જે [ વિ. ] સં. ૧૨૦૭ (લગભગ ઈ. સ. ૧૧૫૦ ) નો છે અને જે [ પરમાર ] મહામંડલેશ્વર યશોધવલદેવ ( ચાલુક્ય કુમારપાલનો ખંડીયો રાજા; આ કુમારપાલનો એક લેખ આજ વર્ષનો છે ) ના રાજ્યમાં થએલો છે. બીજા બે લેખો ( નં. ૧૯૪૫ ને ૧૯૪૬ ) મિતિ [ વિક્રમ ] સં. ૧૨૨ [ ૫ ] તથા ૧૨૨ [ ૮ ] છે અને બીજાઓની મિતિ ૧૩૭૭ તથા ત્યાર પછીની છે. બાકીના ૧૩

( વિમળનું મંદિર ) એ શબ્દ નહિ સમજવાને લીધે ઉત્પન્ન થયા હશે એમ મારો મત છે. તેવીજ રીતે ‘લુણીગવસહિકા’ માંથી (તેજઃપાળના ભાઇને માટે) ‘લુનિગસહિકા’ ઉત્પન્ન થયો છે. જુઓ—એશીયાટીક રીસર્ચીસ (Asiatic Researches ) પુ. ૧૬, પાન ૩૦૯.

( ૧ ) ઉપર પુ. ૮, પાન ૨૦૦ ઉપર પ્રો. લ્યુડર્સે જણાવ્યું છે કે આ મંદિરનું સાધારણ નામ ‘લુણસિંહ ( અથવા લુણસિંહ ) વસહિકા’ અગર ‘લૂણવસહિકા’ છે, મેં પણ લેખોમાં ‘લુણિગવસહિકા’ ‘તેજઃપાળવસહિકા’ ‘તેજલવસહી’ તથા ભાષાનાં પુસ્તકોમાં ‘લુણિગવસતિ’ જોયાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખો વિષે એટલુંજ કહેવું જોઇએ કે ઉપર કહેલા ગુહિલ લેખ (નં. ૧૯૫૩)ની મિતિ [ વિ. ] સં. ૧૩૪૨ છે અને બાકીનાઓની મિતિ ત્યાર પછીની છે.

નેમીનાથના દેવાલયના લેખોમાંના બે મોટા અને ઘણાજ ઉપયોગી તથા બીજા ત્રીસ નાના લેખો મી. કાઉસેન્સની નકલો પરથી પ્રો. લ્યુડર્સે પ્રસિદ્ધ કર્યા છે ( જુઓ પુ. ૮; પાન. ૨૦૦ ) હવે હું [ વિ. ] સંવત્ ૧૩૭૮ નો લેખ આપું છું જે ઋષભના દેવાલયમાં છે અને તેમાં માત્ર જાણવા લાયક એ છે કે તે દેવળ વિ. સં. ૧૦૮૮ (લગભગ ઈ. સ. ૧૦૩૧ ) માં કોઈક વિમલે બંધાવ્યું છે; આ વિમલને અર્બુદ ઉપર ( ચાલુક્ય ) ભીમદેવ ( પહેલાએ) दण्डपति નીમ્યો હતો; એવી હકીકત છે.

લેખનું વર્ણન કર્યા પહેલાં મારે કહેવું જોઇએ કે અહીંઆં આપેલી દેવળ નો પાયો નાંખ્યાની મિતિ બીજી રીતે પણ આપણા જાણવામાં આવે છે. ઈંડીઅન ઍન્ટીક્વેરી, પુ. ૧૧, પાન ૨૪૮ માં ડાકટર કલૅટે ( Dr. Klatt ) ખરતર ગચ્છની એક પટ્ટાવલીમાંથી એક વિભાગ આપ્યો છે. આ ફકરામાં કહેવા પ્રમાણે પ્રધાન વિમલ જે પોરવાડ ( પ્રાગ્વાટ ) વંશનો હતો અને જેણે ૧૩ સૂલતાનોનાં છત્રો ભાંગી નાંખ્યાં અને ચંદ્રાવતી નગર વસાવ્યું તેણે અર્બુદ પર્વત ઉપર ઋષભદેવનું દેવાલય બંધાવ્યું.— આ દેવાલય હાલ પણ ' વિમલ વસહી ' ના નામથી ઓળખાય છે, અને એની પ્રતિષ્ઠા વર્ધમાનસૂરીએ ૧૦૮૮ માં કરી હતી. આજ હકીકત અને આજ મિતિ સાથે, પ્રો. વેબરના ' કૅટલૉગ ઑફ ધી બરલીન મૅન્યુસ્ક્રીપ્ટ્સ, ' પુસ્તક ૨ પા. ૧૦૩૬ ને ૧૦૩૭ ઉપર પૂર્ણ રીતે આપી છે અને ત્યાં, વિશેષમાં, એમ કહેલું છે કે દેવાલય બંધાવવાની જમીન બ્રાહ્મણો પાસેથી મેળવવામાં વિમળે સોનાના સિક્કા જમીન ઉપર પાથર્યા અને દેવળ બાંધવામાં તેણે ૧૮૫૩૦૦૦૦૦ ખર્ચ્યા.

વળી પ્રો. પીટરસનના ચતુર્થ રીપોર્ટ, પાન. ૯૨ માં જિનપ્રભસૂરીના તીર્થકલ્પમાંથી લીધેલા એક ફકરામાં પણ આના સંબંધે ઉલ્લેખ છે; ત્યાં પણ ' વિમલવસતિ ' ની મિતિ ૧૦૮૮ આપી છે [૧] અને ' લૂણિગ વસતિ [૨] ' ની

---

૧ મારામત પ્રમાણે પ્રો. પીટરસને આપેલા ૩૯-૪૦ પદ્યોમાં કાંઇક ભૂલ છે પણ ' વિમલ વસતિ ' બંધાવ્યાની મિતિ વિષે કોઇ પણ જાતની શંકા નથી.

૨ આ ફકરાઓમાં કહ્યા પ્રમાણે ' લૂણિગ વસતિ ' બાંધનાર ' સૂત્રધાર ' શોભનદેવ હતો જેના વિષે 'પ્રબન્ધ ચિન્તામણિ,' પાન. ૨૫૯ માં પ્રાસાદ-કારક સૂત્રધાર તરીકે ઉલ્લેખ છે. મી. કાઉસેન્સના લીસ્ટમાં નં. ૧૬૭૪ માં બાંધનારનું નામ આવે છે. આ લેખ વિ. સં. ૧૨૯૮ નો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨૮૮ આપી છે. વળી તેમાં વિશેષમાં કહેવામાં આવ્યું છે કે આ દેવાલયો મ્લેચ્છોએ ભાંગ્યા હતાં અને શક ૧૨૪૩ માં ( એટલે કે વિ. સં. ૧૩૭૮ માં) પહેલું મહણસિંહના પુત્ર લલ્લે તથા બીજું વેપારી ચંડસિંહના પુત્ર પી. થડે સમરાવ્યું હતું. આપણે આગળ જોઇશું કે ૧૩૭૮ માં મહણસિંહના પુત્ર લલ્લે ( લાલિગ ) તથા ધનસિંહના પુત્ર વિજડે વિમળનું દેવાલય સમરાવ્યું હતું, અને જે માણસે તેજ:પાલનું દેવાલય ( લૂણિગવસતિ ) સમરાવ્યું તેનું નામ દેવળમાં આવેલા એક લેખમાં ' પેથડ ' એમ આપ્યું છે

અહીં જે લેખની આપણે ચર્ચા કરીએ છીએ તે વિમલના દેવાલયના અગ્રભાગમાં આવેલી દેવકુલિકાની બાજુ ઉપરની ભીંતમાં ચોઢેલા એક કાળા પથ્થર ઉપર કોતરવામાં આવ્યો છે. આ લેખમાં ૩૦ પંક્તિઓ છે અને તે ૧' ૭½" થી ૧' ૮' પહોળો તથા ૧' ૧½" લાંબો છે; પણ પ્રથમની ૨૨ લીટીઓજ એટલી લાંબી છે. ૨૩ થી ૨૯ સુધીની લીટીઓ માત્ર ૧' ૫½" લાંબી છે, અને ૩૦ મી લીટી ( જેમાં માત્ર મિતિજ છે ) માત્ર ૩½" લાંબી છે. આ લેખનો ઘણોખરો ભાગ સારી સ્થિતિમાં છે લીટી ૧૬ માં લગભગ ૧૦ અક્ષરો તથા લીટી ૧૭ માં ચાર અક્ષરો જતા રહ્યા છે* તથા કેટલેક સ્થળે લેખ વાંચી નહિ શકાય તેવો છે. આનું મુખ્ય કારણ એ છે કે અક્ષરો ઘણી બેકાળજીથી કોતરેલા છે અને એટલા અડોઅડ કાઢેલા છે કે શાહીથી પાડેલી અનુકૃતિમાં તે બરોબર પડી શકયા નથી.[૧] અક્ષરોનું કદ ¼" થી ⅜" સુધીનું છે. તે નાગરી લિપિમાં છે અને ભાષા સંસ્કૃત છે; તથા આરંભમાં ओम् ॥ श्री अर्बुदतीर्थ प्रशस्तिलिख्यत्ते ॥, લીટી ૯ માં अथ राजावली ॥ અને લી. ૩૦ માં મિતિ; એ સિવાય આખો લેખ ૪૨ પદ્યોમાં લખ્યો છે. व અને ब સ્પષ્ટ રીતે કાઢેલા છે; પણ કેટલેક ઠેકાણે ब ને બદલે व કાઢેલો છે જેમ કે:—લી. ૧૬–सर्बज्ञ લી. ૨૧

---

* પ્રો. કીલહોર્નના લેખ પાઠમાં જે અક્ષરો જતા રહેલા છે તે અક્ષરો મ્હારા પાઠમાં આપેલા છે. મ્હને એ લેખની એક જુની લખેલી નકલ મળી આવી છે જે લગભગ ૩૦૦ વર્ષ ઉપર લખાયલી હશે, તેમાં લેખપાઠ સંપૂર્ણ છે. તે નકલનો મ્હેં મ્હારા પાઠમાં ઉપયોગ કર્યો છે. અને પ્રો. કીલહોર્ને જતા કર્યા અક્ષરોને મ્હેં સ્વસ્થાને બેસાડી રાખ્યા છે—**સંગ્રાહક.**

૧ જયારે આ લેખ મેં પૂરો કર્યો ત્યારે મી. ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ તથા ગવર્નમેંટ એપીગ્રાફીસ્ટે ( Government Epigraphist ) મોકલેલી નકલો મારા લેખ સાથે સરખાવતાં મારા પાઠો ખરા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संभवः । દંતસ્થાની ઉષ્માક્ષરને બદલે તાલવ્ય વાપરેલા છે જેમકેઃ—લી. ૪ मनश्वी, લી. ૬ शम्भ ( संभ જોઇએ ), લી. ૮—सहश्र, વળી તાલવ્યને બદલે દંતસ્થાની પણ વાપરેલા છે જેમકેઃ—લી. ૮ निवेसितम् લી. ૧૮ पेसल અને લી. ૨૯– शासि [1]। ऋ ને બદલે रि વાપરેલું છે જેમકેઃ–લી. ૨૬ ને ૨૯–– रिषभ; તથા લીટી ૨૪ માં કર્તાએ જાતેજ षड्ऋतवः ને બદલે લી. ૨૪ માં षडर्त्तव એમ લખ્યું છે. પણ તે છંદને લીધે લખેલું છે.[2] વિશેષ જાણવા લાયક એ છે કે લી. ૪ માં नृपस्य ને બદલે नृपश તથા લી. ૨૧ માં वदान्या ને બદલે वदाज्ञा લખેલું છે. આ ઉપરથી ઇંડીઅન ઍંટીકવેરી માં પુ. ૧૩ ના પાન ૯૩ લી. ૨૬ માં ( ज्ञानशक्तिने બદલે ) વાપરેલું न्यानशक्ति યાદ આવે છે. આ ઉપરથી એમ પ્રતિપાદન થાય છે કે રાજપુતાનામાં તથા કાનડી લોકોમાં ज्ञ અને न्य વચ્ચે કાંઈ ભિન્નતા નહિ હોય. તેમજ नृपश ઉપરથી तश તથા એવા બીજા જુના લેખોમાં વપરાએલા ષષ્ઠી વિભકિતના શબ્દો યાદ આવે છે અને આ ઉપરથી એમ લાગે છે કે श નો ઉચ્ચાર જોડાક્ષર स्य ના જેવો થતો હશે. લીટી ૩ માં વાપરેલું विदधान ધ્યાન ખેંચે તેમ છે. આ પાઠ ખરો છે એ વાત ચોક્કસ છે. પણ કર્તાએ विदधान શબ્દ वि+धा ધાતુના લિટ્ ના ત્રીજા પુરૂષ એકવચન તરીકે વાપર્યો છે. આ એક ભૂલ છે કારણ કે विदधान વર્તમાન કૃદંત છે. ( विदधे વાપરવું જોઇએ ).[3] જો કે લેખકે તથા કારીગરે બેદરકારીથી કામ કર્યું છે અને કેટલુંક તદ્દન જતું રહ્યું છે અને ખાસ કરીને પદ્ય ૨૧ ના છેલ્લા શબ્દો ગયા છે, તો પણ ખાતરીપૂર્વક આખો લેખ કળી શકાય અને તાજો કરી શકાય.

આ લેખનો હેતુ એ છે કે [ વિક્રમ ] સં. ૧૩૭૮ માં બે માણસો નામે લલ્લ ( લાલિગ ) અને વીજડ, એમણે પોતાના માતા પિતાના પુણ્યાર્થે આબુ ઉપરનું ઋષભ ( આદિનાથ ) નું દેવાલય સમરાવ્યું. આ લેખના ત્રણ

---

૧ કુતૂહલની ખાતર કહેવું જોઇએ કે સં. शश, જર્મન हस ( Hase ) અને અંગ્રેજી ' હેર ' ( Hare ) આ સર્વેનું મૂળ शस હોવું જોઇએ. જુઓ પ્રો. વેકર નેગલનો ( Prof. Wackernagel ) ઍટલીંડ ગ્રામર પુ. ૧ પાન ૨૨૫.

૨ સેંટપીટર્સબર્ગ ડીક્ષનરીમાંથી शड्ऋच અને शडर्च બંને સરખાવો.

૩ આ લેખમાં લિટ્ નાં જે રૂપો છે તે—बभूव, बभूवुः– चकार, दिदेश, प्रपेदे, અને कारयामासतुः ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ કરવામાં આવ્યા છે પ્રથમ વિભાગ ( કડી –૧૩) માં અર્બુદ પર્વતની ' પ્રશસ્તિ ' આપેલી છે; અને એ પ્રદેશ તથા અંબિકા અને શ્રીમાતા વિગેરેનાં વખાણ કર્યા પછી દેવાલય વિશેની કેટલીક ઐતિહાસિક બાબતો તેમાં છે. વળી તેમાં વિમલના આદિનાથના દેવળના વિક્રમ સંવત્ ૧૦૮૮ માં પાયો નાંખ્યાની વિગત પણ આવે છે. બીજા વિભાગ ( કડી ૧૪–૨૩ ) માં આ મંદિરના જીર્ણોદ્ધાર કરાવ્યાના વખતે પર્વતના માલીક જે રાજ્ય કર્તા હશે તેઓની ' રાજાવલી ' આવે છે. અને ત્રીજા વિભાગમાં ( કડી ૨૪–૩૮ ) જીર્ણોદ્ધાર કરાવનાર માણસોના વંશનું વર્ણન છે. અંતમાં ( કડી ૩૯–૪૨ ) ઉદ્ધાર કરેલા દેવાલયની પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ તથા તેમનો વંશ અને મિતિ આપેલાં છે.

ઐતિહાસિક રસ વિનાની બાબતો બાદ કરતાં, પ્રથમ વિભાગમાં અર્બુદ ઉપર વસિષ્ઠ રૂષિના અનલકુંડમાંથી પરમારની ઉત્પત્તિની વિગત આવે છે. તેના વંશમાં કાન્હડદેવ કરીને પ્રતાપી રાજા થયો; તેના વંશમાં ધંધુ (ધંધુરાજ) નામનો એક રાજા થયો જે ચંદ્રાવતીનો અધિપતિ હતો, અને જે ( ચાલુકય ) રાજા ભીમદેવ પહેલાને નહિ નમતાં અને તેના ક્રોધમાંથી બચવા ધારાના રાજા ભોજના પક્ષમાં ગયો. ત્યારબાદ એકદમ કર્તા આપણને કહે છે કે, વિમલ નામનો એક પ્રખ્યાત માણસ પ્રાગ્વાટ વંશમાં થયો જેનામાં તે વખત ચાલતી દુષ્ટતાના અંધકારમાંથી ધર્મની પ્રજ્વલિત જ્વાળા ઝળકી ઉઠી. તેને ભીમ રાજાએ ' દંડપતિ ' ( સેનાપતિ ) નિમ્યો અને ત્યાં એક પ્રસંગે રાત્રે શ્રી અંબિકાએ પર્વત ઉપર યુગાદિભર્તા ( યુગાદિજિન, આદિનાથ ) નું એક સુંદર દેવાલય બાંધવાનું તેને ફરમાન કર્યું. આ આજ્ઞાને વિમલ આધીન થયો એ વાત પદ્યમાં કર્તાએ આ પ્રમાણે મૂકી છે:—

" વિક્રમાદિત્યના વખતથી ૧૦૮૮ વર્ષ પછી શ્રી વિમલે અર્બુદના શિખર ઉપર સ્થાપિત કરેલા શ્રી આદિનાથની હું પ્રશંસા કરૂં છું. "

ઉપર કહ્યો તે ધન્ધુ અગર ધન્ધુરાજ, ઉપર પાન ૧૧ માં કહેલો પ્રમાર ( પરમાર ) ધન્ધુક છે. જેનો પુત્ર પૂર્ણપાળ વિ. સં. ૧૦૯૯ અને ૧૧૦૨ [૧] માં અર્બુદ પ્રદેશમાં રાજ્ય કરતો હતો. ખરેખર તે ચાલુકય ભીમદેવ પહેલા તથા માળવાના પરમાર ભોજદેવના વખતમાં થયો હશે.

---

૧ ધન્ધુકનું નામ ચંદ્રાવતીના પરમારોની વંશાવલીમાં પણ આવે છે (પુ. ૮. પાન ૨૦૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ દેવાલયના બીજા લેખમાં વિમળનું નામ આવે છે, આ લેખની મિતિ વિ. સં ૧૨૦૧ છે. એ લેખ ૧ ( કાઉસેન્સ લીસ્ટ નં. ૧૭૬૭ ) માં ૧૦ લીટીઓ છે અને તે ૨ ૬ " લાંબો તથા ૫½" ઉંચો છે. તેમાં ૧૭ કડીઓ છે. શાહીથી પાડેલી અનુકૃતિમાં પહેલી બે લીટીઓ ચોક્કસપણે વાંચી શકાય તેમ નથી. પણ હું જોઈ શકું છું તેમ તેમાં એક માણસ વિષે કહ્યું છે જે શ્રીમાલ કુલનો અને પ્રાગ્વાટ વંશનો હતો.* તેનો પુત્ર લહધર હતો જેનો મૂલ રાજા (ચાલુક્ય મૂળરાજ પહેલા) સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ હતો અને જે ' વીરમહત્તમ ' ના નામથી પણ ઓળખાતો હતો. લહધરને બે પુત્રો હતા. પહેલો પુત્ર પ્રધાન નેઢ હતો તથા બીજો વિમલ હતો જેના વિષે ૭ મી કડીમાં આ પ્રમાણે છે:—

द्वितीयकोद्भूतमतीवलम्बा ( म्बी )(?) दण्डाधिपः श्री विमलो व (ब)भूव ।
येनेदमुच्चैर्भवसिन्धुसेतुकल्पं विनिर्मापितमत्र वेश्म ॥

નેઢનો પુત્ર લાલિગ હતો. તેનો પુત્ર મહિદુક પ્રધાન હતો. ૨ વળી તેને બે પુત્રો હતા. હેમ અને દશરથ. આ લેખનો હેતુ આ પ્રમાણે છે.—ઋષભના મંદિરમાં દશરથે નેમિજિનેશ ( નેમિતીર્થંકર એટલે કે નેમિનાથ ) ની પ્રતિમા બેસાડી, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૦૧ ના જ્યેષ્ઠના પડવાને શુક્રવારે

---

* પ્રો. કીલહોર્નનું આ કથન અસંબદ્ધ જેવું છે. કારણ કે શ્રીમાલ અને પ્રાગ્વાટ બંને જુદી જુદી સ્વતંત્ર જાતો છે. એકજ મનુષ્ય શ્રીમાલકુલ અને પ્રાગ્વાટ વંશનો હોઇ ન શકે. પ્રો કીલહોર્નના વાંચનમાં ગડબડ થઇ છે. જે લેખના વિષયમાં આ કથન છે તે મ્હારા જોવામાં આવ્યો નથી તેથી તેના વિષયમાં હું કાંઇ કહી શકું તેમ નથી. નીચે જે લેખનો હવાલો પ્રો. કીલહોર્ન આપે છે તેમાં તો વીર મહામંત્રીને સ્પષ્ટ શ્રીમાલકુલોદ્ભવ લખ્યો છે ( એ લેખ આ સંગ્રહમાં પણ નં. ૧૫૨ નીચે આપેલો છે ) તેથી વીર મહામંત્રી અને નેઢ આદિ તેના પુત્ર-પૌત્રો પ્રાગ્વાટ નહિ પણ શ્રીમાલજ્ઞાતિના હતા.—**સંગ્રાહક.**

૧ મી. કાઉસેન્સના કહેવા પ્રમાણે આ લેખ વિમળના દેવાલયના અગ્રભાગમાં નં. ૧૦ ના ભોંયરાના દ્વાર ઉપરછે તેના વિષે એશીયાટીક રીસર્ચીસ પુ. ૧૬ પા ૩૧૧ માં ઉલ્લેખ છે—એક લેખની મિતિ સં ૧૨૦૧ છે પણ તેમાંનું કાંઈ પણ વાંચી શકાય તેવું નહી હોવાને લીધે તે બહુ જરૂરનો નથી.

૨ છંદ ઉપરથી જણાય છે કે નામ ખરૂ છે ૪ અગ્રભાગમાં નં. ૧૦ ના ભોંયરાની એક પ્રતિમાની બેઠક ઉપર આ લેખો કોતરેલા છે.

૧૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે કે ઈ. સ. ૧૧૧૪, મે, ૫ ને શુક્રવારે કરવામાં આવી. મારે કહેવું જોઇએ કે અહીં આપેલી વંશાવળી વિમળના મંદિરના બીજા લેખ ( મી. કાઉસેન્સના લીસ્ટ ૪ ના નં. ૧૭૬૮ ) ઉપરથી આપેલી છે, જે આ પ્રમાણે:-

१ श्री श्रीमालकुलोद्भव- । वीरमहामान्त्रि पुत्र ( स ) न्मत्री- । श्री—
२ नेढपुत्रलालिगतत्सुत महिन्दुक सुतेनेदम् ॥ निजपु–
३ त्रकलत्रसमन्वितेन सन्मंत्रि दशरथेनेदं । श्री नेमि—
४ नाथ ि( बि ) म्बम् । मोक्षार्थं कारितं रम्यम् ॥

જાણવા લાયક વિગત મુખ્યત્વે કરીને એ છે કે આ બેમાંના પ્રથમના લેખમાં દશરથની મિતિ આપી છે. અને તે મિતિ વિ. સં. ૧૨૦૧ છે. તેથી એમ જણાય છે કે દશરથના પ્રપિતામહ નેઢનો નાનો ભાઈ વિમલ વિ. સં. ૧૦૮૮ માં ( જે મિતિમાં આ દેવાલયનો પાયો નાંખ્યો હતો એવી દંતકથા છે ) મોજુદ હશે.

આ લેખના બીજા વિભાગ ( કડી ૧૪–૨૩ ) ની વિગત મે ઉપર ૮૧ મા પાન ઉપર આપી છે. ૧૪ મી કડીમાં રાજાવલી શરૂ થાય છે જેમાં પહેલો રાજા આસરાજ છે જે ચાહુવામ ( ચાહુવાણ–ચાહમાન ) વંશનો હોઇ નદ્દૂલ ( નદ્દૂલ ) નો રાજા હતો. તેના પછી સમરસિંહ થયો અને તેનો પુત્ર મહણસિંહ ભટ ( કડી ૧૫ ) થયો ત્યારબાદ પ્રતાપમલ્લ થયો; તેનો પુત્ર વીજડ જે મરૂસ્થલી મંડલ ( કડી ૧૬ ) નો અધિપતિ થયો. તેને ત્રણ પુત્રો હતા, જેમાંનો પહેલો લૂણીગરાજા ( કડી ૧૭ ) હતો. કડી ૧૮ માં લુંઢનાં વખાણ આવેલાં છે, આ લુંઢ ' યમની જેમ શત્રુ સમૂહનો નાશ કરતો. ' કડી ૧૯ માં લુમ્ભ વિષે છે; તેના વિષે ૨૦ મી કડીમાં એમ કહેલું છે કે તેણે અર્બુદ પર્વત જીત્યો અને પૃથ્વી ઉપર રાજ્ય કરીને સ્વર્ગમાં પ્રયાણ કર્યું ( મરીગયો ). ૨૧ મી કડીમાં લૂણીગના પુત્ર તેજસિંહનાં વખાણ કર્યાં છે, ૨૨ મી કડીમાં " ' તિહુણાક ' ઘણું જીવો " એમ છે. જીર્ણ થએલી કડી ૨૩ માં એમ જણાયછે કે તિહુણ અને તેજસિંહની સાથે મળીને લુમ્ભકે અર્બુદ પર્વતનું રાજ્ય ન્યાયપુરઃસર ચલાવ્યુ (श्रीमाल लुम्भकनामा समन्वितस्तेजसिंहतिहुणाभ्याम्).

વીજડ સુધી, રાજાવલીના પ્રથમ વિભાગ વિષે કોઇ જાતની શંકા રહે તેમ નથી. તેમજ મેં કહ્યું છે તેના કરતાં વધારે કહેવાનું પણ નથી, વીજડના પુત્રો વિષે કંઇ હરકત આવે છે. લુંઢિગ દેવના લેખમાં ( પાન ૮૦ )




Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

કહ્યા પ્રમાણે વીજડ જેને દશસ્યન્દન ( દશરથ ) કહ્યો છે તેને ચાર પુત્રો હતા–લાવણ્યકર્ણ, લંઢ ( લુંટિગ ), લક્ષ્મણ, અને પૂર્ણવર્મન્ આમાંનો લાવણ્ય કર્ણ ' જ્યેષ્ઠ ' છે એમ સ્પષ્ટ કહેલું છે. હાલના લેખ પ્રમાણે વીજડને ત્રણ પુત્રો હતા તેમાંનો ' આદ્ય ' લૂણિગ હતો. લેખમાં લૂણિગ પછી લુંઢ અને લુમ્ભ આપેલા છે પણ એમ નથી કહેલું કે તેઓ તેના નાના ભાઈ હતા અગર તેઓનો કોઈ પણ જાતનો સંબંધ હતો. લુંટિગદેવના લેખની હકીકતમાં મેં લૂણિગ અને લાવણ્યકર્ણ ને એક ગણેલા છે, અને લુંઢ તથા લુમ્ભને ભાઈઓ ગણી લંઢને લુંઢ ( લુંટિગ ) અને લુમ્ભને લાવણ્ય-વર્મન્ કહ્યો છે. બીજા લેખો જડી આવશે જેના ઉપરથી મારૂ ખરા પણું અગર ખોટા પણું બહાર આવશે. વળી મારે કહેવુ જોઇએ કે મારા મિત્ર મી. ઓઝા જેમનું પોતાના દેશનું જ્ઞાન અગાધ છે તેમના કહેવા પ્રમાણે લૂણિગ, લુંઢ અને લુમ્ભ ( લુમ્ભક ) એકજ માણસનાં નામ છે. અને જે બધાં 'લુમ્ભ' શબ્દના સંસ્કૃત રૂપો છે અને જે " આબુનો પ્રખ્યાત જીતનાર ' રાવલંભા ' " નું નામ છે. જો મી. ઓઝાનું કહેવું ખરૂં હોય તો ઉપર પાન ૮૩ ઉપર પ્રસિદ્ધ થએલી વંશાવળીની છેલ્લી લીટીઓ ફેરવવી પડે. મારી જેમ મી. ઓઝા પણ તિહુણક ( તિહુણ ) તેજ-સિંહનો નાનો ભાઈ છે એમ કહે છે; પણ તેમના મત પ્રમાણે તેજસિંહના પુત્ર કાન્હડદેવ સાથે આ બંન્નેને લુંટિગ (લુંઢ, લૂણિગ, લુમ્ભ) ની નીચે મૂકે છે. જ્યારે આ લેખ વિ. સં. ૧૩૭૮ માં રચાયો ત્યારે લુમ્ભ મરણ પામ્યો હતો, અને તે વખતે આબુનો રાજ્યકારભાર તેજસિંહ ચલાવતો હશે.

આ લેખના ત્રીજા વિભાગમાં ( કડી ૨૪–૩૮ ) જે માણસોએ દેવળ સમરાવ્યું ( લલ્લ અને વીજડ ) તેમના વંશના માણસોનાં કેટલાંક નામ વિષે કહેલું છે બીજું કાંઈ વધારે નથી. એ નામો નીચે પ્રમાણેઃ—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org






Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

આ કોઠામાં બતાવેલા માણસો ચુસ્ત રીતે જૈન ધર્મને વળગેલા હતા. જેલ્હા મૂળ પુરૂષ છે. તે એક વ્યાપારી હતો અને તેના ગુરૂ ધર્મસૂરી[1] હતા. દેસલ વિષે એમ કહેવામાં આવ્યું છે કે તેણે સાત પવિત્ર સ્થળે[2] ૧૪ વાર સંઘ કાઢયા હતા. આ સ્થળો તે શત્રુંજય વિગેરે છે. આ વંશનાં બીજાં માણસોનાં સાધારણ રીતે વર્ણન કર્યાં છે.

વિમલના મંદિરમાં તેના વંશના લોકોના બીજા લેખો છે; આ લેખોની મિતિ [ વિક્રમ ] સંવત ૧૩૭૮ છે. વળી આ વંશનો એક લાંબો લેખ છે.[3] ( નં. ૧૭૯૧ નો કાઉસેન્સ લીસ્ટ ) જેની મિતિ શબ્દોમાં અને આંકડામાં લખેલી છેઃ—વિ. સં. ૧૩૦૯. આ લેખમાં ૨૫ લીટીઓ છે અને તે ૧૫ કડીઓમાં છે. તેમાં આનંદસૂરીએ કરેલી, વિમલની ' વસહિકા ' માં નેમિજિન ( નેમિનાથ ) ની પ્રતિમાની સ્થાપના વિષે આપવામાં આવ્યું છે. તેમાંથી એમ જણાય છે કે આ વંશ ઉકે [ શ ] વંશનો[4] છે અને તેનો મૂળ સ્થાપક જેલ્હાક માંડવ્યપુર ( મંડોર ) નો રહેવાસી હતો. કુલધર પછી તેના પાંચ પુત્રોનું વર્ણન છે, પણ લેખનો મોટો ભાગ જતો રહયો છે તેથી હું તેમનાં નામો અત્ર આપી શકું તેમ નથી.

આ લેખની બાકીની ( ૩૯–૪૨ ) કડીઓમાં [ વિ. ] સંવત ૧૩૭૮ ના એક દિવસે ' ગુરૂ ' અગર ' સૂરી ' જ્ઞાનચંદ્રે અર્બુદ પર્વત ઉપર ઋષભની પ્રતિમાની સ્થાપના ( પુનઃ સ્થાપના ) કરી. જ્ઞાનચંદ્રના ધાર્મિકવંશ વિષે જાણવું જોઇએ કે તેના પહેલાં અમરપ્રભસૂરી થયા હતા અને આ વંશને સ્થાપનાર ધર્મસૂરી હતા જેમને धर्मघोषगणार्यमन् એટલે કે ' ગણ ' ના સૂર્ય કહ્યા છે અને જેમણે વાદિચંદ્રને અને ગુણચંદ્રને હરાવ્યા હતા તથા ત્રણ રાજાઓને બોધ આપ્યો હતો. ( વિક્રમ ) સંવત્ ૧૩૭૮ ના બીજા

૧ જુઓ પાન ૧૫૪, આગળ.

૨ આ સાત સ્થળો અગર ક્ષેત્રો વિષે વારંવાર કહેવામાં આવ્યું છેઃ પણ એ સાત સ્થળોનાં નામો મળી શકતાં નથી.

૩ આવી રીતે બીજો [ લેખ ] સં. ૧૩૦૯ જણાવે છે પણ 'બીજું' કાંઇ નહિ' આવા શબ્દોમાં, એશિયાટીક રીસર્ચીસ પુ. ૧૬, પા. ૩૧૧ ઉપર કહેલો લેખ તે આ છે.

૪ એટલે કે ઓશવાળ જાત; જુઓ એપીગ્રાફીકા ઇંડિકા, પુ. ૨, પાન ૪૦.

૫ મી. કાઉસેન્સના લીસ્ટના નં. ૧૭૫૯, ૧૮૨૨ ને ૧૮૫૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખોમાં જ્ઞાનચંદ્રને ધર્મસૂરી[1] અગર ધર્મઘોષસૂરી[2]ના પટ્ટ ધર તરીકે ઓળખાવ્યા છે. કાઉસેન્સના લીસ્ટના નં. ૧૭૯૬ નો એક લેખ જેના ઉપર મિતિ નથી તેમાં આરંભમાં આવા અક્ષરો છેઃ—

श्रीमद्धर्मघोषसूरिपट्टे श्रीआण (न) न्दसूरि श्रीअमरप्रभसूरिपट्टे श्रीज्ञानचन्द्रसूरि- આમાં વર્ણવેલા આનંદસૂરી એજ વિ. સં. ૧૩૦૯ ના ઉપર કહેલા આનંદસૂરી હશે; અને એ લેખના આનંદસૂરી તથા અમરપ્રભસૂરી તે, તે આનંદસૂરી અને તેના શિષ્ય અમરપ્રભસૂરી હશે જે પ્રો. પીટરસનના ચતુર્થ રીપોર્ટ પાન ૧૧૦, લી. ૧ માં કહ્યા પ્રમાણે, અમરચંદ્રસૂરીની સૂચનાથી [ વિ. ] સં. ૧૩૪૪ માં લખાયલા એક હસ્તલિખિત પુસ્તકમાં વર્ણવેલા છે. આ પુસ્તકમાં ૧૦૯ મા પાને આનંદસૂરિની પહેલાં ધર્મસૂરી (રાજગચ્છના શીલભદ્રસૂરિના શિષ્ય) વર્ણવેલા છે, જે ઉદ્ધત વિવાદ કરનારાઓ તરફ—જેમ હાથીને સિંહની ગર્જના તેમ—હતા અને જેમણે રાજા વિગ્રહના ચિત્તને ચમત્કૃત કર્યું હતું. પ્રો. પીટરસનના ત્રીજા રીપોર્ટના ઍપેન્ડીક્સ, પાન ૧૫ ને ૩૦૭ ઉપર આજ માણસને ધર્મઘોષસૂરીનું નામ આપ્યું છે અને તેમાં તે શાકમ્ભરિના રાજાને બોધ આપતા હોય તેમ વર્ણવ્યા છે. વળી આજ પુસ્તકના પાન ૨૬૨ ઉપર તેમણે સપાદલક્ષ દેશના રાજાની સમક્ષમાં ઘણા વાદ કરનારાઓને હરાવ્યા હતા એમ કહેલું છે. આ ઉપરથી નિઃસંશય એમ કહી શકાય કે આ લેખમાં વર્ણવેલા ત્રણ રાજાઓમાં એક શાકમ્ભરિનો રાજા વિગ્રહરાજ છે. ( આ શાકમ્ભરિ સપાદલક્ષ દેશનું મુખ્ય શહેર છે ) હું ધારૂં છું એ રાજા તે વીસળદેવ—વિગ્રહરાજ હશે જેના દિલ્હી સિવાલિક સ્તંભ લેખો ( મારા નોર્ધર્ન લીસ્ટનો નં. ૧૪૪) માં [ વિક્રમ ] સંવત ૧૨૨૬ એટલે કે ( ઇ. સ. ૧૧૭૦ ) મિતિ આપેલી છે. બે રાજાઓ કયા તે હું ઓળખી શકતો નથી. તેમજ વાદિચંદ્ર[2] અને ગુણચંદ્ર જેમને ધર્મસૂરિએ હરાવ્યા તે કોણ તે કહી શકતો નથી.

૪૨ મી કડીમાં આપેલી મિતિ આ પ્રમાણેઃ—

વસુઓ ( ૮ ) મુનિઓ ( ૭ ) ગુણો ( ૩ ) અને ચંદ્ર ( ૧ ) થી બનેલા વર્ષમાં એટલે કે [ વિક્રમ ] સં. ૧૩૭૮ માં જ્યેષ્ઠ ' સિતિ ' ( વદિ ) નવમી

---

૧ મી. કાઉન્સેસના લીસ્ટના નં. ૧૭૫૬, ૧૭૫૮ અ. ૧૭૬૪ ને ૧૭૯૩.

૨ એક વાદિચંદ્ર તે છે કે જેણે ' જ્ઞાન સૂર્યોદય ' રચ્યું છે; આ લેખમાં વર્ણવેલા વાદિચંદ્ર તે એ હશે કે કેમ તે કહી શકાય નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'તિથિ' ને વાર સોમ. અહીં એક હરકત છે. અહીંઆ 'સિતિ' શબ્દનો અર્થ મેં વદિ કર્યો છે પણ તે 'શુદિ' એ હોઇ શકે અને જોતાં તો 'શુદિ' ખરૂં લાગે છે કારણ કે લેખની ૩૦ મી લીટીમાં મિતિ ફરીથી આપી છે; ૧૩૭૯ ના જ્યેષ્ઠ સુદિ ૯ સોમ. પરંતુ આના વિરૂદ્ધમાં એટલુંજ કહેવાનું કે બીજા જુદાજ ચાર લેખોમાં ( નં. ૧૭૭૧, ૧૮૨૧, ૧૮૨૯, ૧૯૦૪ મી કાઉસેન્સ ' લીસ્ટ ) ' સંવત્ (સં) ૧૩૭૮ વર્ષે જ્યેષ્ઠ વદિ ૯ સોમ દિને ( અગર સોમે ) આપી છે જે દેખીતી રીતેજ આપણા લેખમાં આપેલી મિતિ છે. વિશેષમાં, 'જ્યેષ્ઠ શુદિ' એ મિતિ ૧૩૭૮ માટે તદ્દન ખોટી થાય ( કારણ કે ચૈત્રાદિ ચાલુ અગર ગત, અથવા કાર્ત્તિકાદિ ગત વર્ષ ) અને કાર્ત્તિકાદિ વિક્રમ સં. ૧૩૭૮ ના પૂર્ણિમાન્ત જ્યેષ્ઠ વદિ માટે ઇ. સ. ૧૩૨૨ ની ૧૦ મી મે બરોબર થાય આ કારણોથી તે મિતિનું મારૂં ભાષાંતર ખરૂં છે અને તેની ખરી મિતિ ૧૩૨૨ ની ૧૦ મી મે સોમવાર લઉં છું. અને ૩૦ મી લીટીમાં ફરીથી મિતિ આપતી રીત ( જ્યાં ૧૩૭૯ શંકા પાત્ર હોય જ) ખોટા છે એમ હું ધારૂં છું."

## ( ૧૩૩ )

આ લેખ એજ મંદિરમાં એક તરફની ભીંત ઉપર શિલામાં કોતરેલો છે. આમાં બધી મળીને ૨૪ પંક્તિઓ છે. લેખની ભાષા સંસ્કૃત છે પણ તે અપભ્રષ્ટ પ્રયોગોથી ભરપુર છે અને ઘણીજ વ્યાકરણ વિરૂદ્ધ છે.

પ્રારંભમાં, સંવત્ ૧૩૫૦ વર્ષે, માઘ સુદિ ૧, ભૌમ ( મંગલવાર ) ની મિતિ લખ્યા બાદ અણહિલપુર ( પાટણ ) ના રાજા સારંગદેવનું * વર્ણન છે. પરમેશ્વર, પરમભટ્ટારક, ઉમાપતિવરલબ્ધ આદિ

* સારંગદેવ, વાઘેલા વંશના રાજા અર્જુનદેવનો પુત્ર હતો. તેણે સંવત્ ૧૩૩૧ થી ૧૩૫૩ સુધી ( ૨૨ વર્ષ ) રાજ્ય કર્યું હતું. એનાં વખતનો એક લેખ કચ્છમાં આવેલા કંથકોટ પાસે ખોખર નામના ગામમાં એક પાળીઆ ઉપર છે. માંડવીથી ૩૫ માઇલ છેટે આવેલા ભદ્રેશ્વર ગામમાંથી—જે જૈનોનું તીર્થસ્થાન ગણાય છે—એ લેખ ત્યાં લાવવામાં આવ્યો હતો. તેની ઉપર સંવત્ ૧૩૩૨ ની સાલ છે અને તેમાં એને 'મહારાજાધિરાજ' લખ્યો છે. તેમાં એના પ્રધાનનું નામ માલદેવ લખેલું છે. બીજો એક લેખ જેની ઉપર સંવત્ ૧૩૪૩ ની સાલ છે તે પ્રથમ સોમનાથમાં



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

વિશેષણોની સાથે તેને 'અભિનવસિદ્ધરાજ' જણાવ્યો છે. તેનો માહામાત્ય 'વાધુય' હતો. તેના રાજ્યમાં, ઉપર જણાવેલા દિવસે ચંદ્રાવતીના મંડલેશ્વર વિસલદેવે આ શાસનપત્ર કરી આપ્યું છે. ચંદ્રાવતી નિવાસી ઓસવાલ જ્ઞાતીય સા. વરદેવના પુત્ર સા. હેમચંદ્ર તથા મહા. (અર્થાત્ મહાજન) ભીમા, મહા. સિરધર, શ્રે. જગસીહ, શ્રે. સિરપાલ, શ્રે. ગોહન, શ્રે. વસ્તા અને મહં. વિરપાલ આદિ સમસ્ત મહાજનની પ્રાર્થનાથી આબુ ઉપર રહેલા 'વિમલવસહિ' અને 'લુણિગવસહિ' નામના બંને મંદિરોના ખર્ચ માટે તથા કલ્યાણક આદિ મહોત્સવોના દિવસો ઉજવવા માટે, જુદા જુદા વ્યાપાર કરનારા વ્યાપારીઓ તથા ધંધાદારીઓ ઉપર અમુક રકમનો લાગો બાંધી આપ્યો હતો. પછી જણાવ્યું છે કે આ નિયમ આબુ અને ચંદ્રાવતીમાં રહેનાર દરેક પ્રજાજને નિયમિત રીતે પાળવો. તથા આ મંદિરોની યાત્રા માટે આવનારા યાત્રિઓ પાસેથી આબુ કે ચંદ્રાવતીના કોઈ પણ રાજપુરૂષે કાંઇ પણ (કર કે મુંડકાવેરો વિગેરે) માંગવુ નહિ. તથા આબુ ઉપર ઉતરતા ચઢતા યાત્રિઓની જો કાંઈ પણ વસ્તુ જશે તો તે આબુના ઠાકોરોએ ભરી આપવી પડશે. આ શાસનપત્રમાં કરેલા હુકમો અમારી સંતતિમાં થનારા રાજાઓએ તથા બીજા પણ જે કોઇ રાજાઓ થાય તેમણે બરાબર પાળવા.

---

હતો પણ હાલમાં પોર્તુગાલમાં આવેલા સેન્ટ્રા ગામમાં છે. એ લેખમાં ત્રિપુરાન્તક નામના માણસે કરેલી યાત્રાની વાત લખી છે અને રાજા સારંગદેવની વંશાવળી આપી છે. ડાકટર ભાંડારકરને અમદાબાદમાંથી એક હસ્તલિખિત ગ્રંથ મળ્યો હતો, તેમાં લખ્યું છે કે એ ગ્રંથ સંવત્ ૧૩૫૦ ના જેઠ વદિ ૩ ને દિવસે મહારાજાધિરાજ સારંગદેવનું લશ્કર આશાપલ્લિ (અમદાવાદ) મુકામ કરી પડયું હતું ત્યારે પૂરો કર્યો હતો. (ગુજરાતના પ્રાચીન ઇતિહાસ ઉપરથી.)

એજ સારંગદેવની ગાદીએ કરણદેવ બેઠો હતો જે 'કરણઘેલા' ના નામથી ગુજરાતમાં પ્રસિદ્ધ છે અને જેના વખતમાં ગુજરાત મુસલમાનોના હાથમાં ગયું.



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

પછી, પુરાણોના કેટલાક શ્લોકો આપ્યા છે જેમાં 'દેવદાન'નો લોપ કરવાથી થનારા પાપ ઇત્યાદિનું વર્ણન છે. ઠક્કુર જયતસિંહના પુત્ર પારિખ પેથાએ આ શાસનપત્ર લખી આપ્યું.

આમાં શ્રીઅચલેશ્વરના મંદિરવાળા રાઉ૦ નંદિ, વશિષ્ઠદેવના મંદિરવાળા તપોધન............( નામ જતું રહ્યું છે. ) અંબાદેવીવાળા નીલકંઠ તથા ગામના સઘળા આગેવાન પઢચાર ( લોકો ) સાક્ષી થએલા છે.

( ૧૩૪–૨૪૮ )

નંબર ૧૩૪ થી ૨૪૮ સુધીના (૧૧૪) લેખો એજ મંદિરની જુદી જુદી દેવકુલિકાઓ ઉપર તથા તેમાં રહેલી પ્રતિમા વિગેરે ઉપર કોતરેલા છે. આ બધા લેખો ન્હાના ન્હાના છે અને તેમાં સંવત્, દાતાનું નામ અને પ્રતિષ્ઠા કરનાર આચાર્યના ઉલ્લેખ શિવાય બીજું કાંઈ વધારે જાણવા લાયક લખાણ નથી. એ લેખોમાં નં. ૧,૩૪–૩૮–૪૦–૪૧–૪૨–૪૪–૪૫–૪૮–૫૫–૫૯–૬૧–૬૪–૬૮–૭૯–૮૩–૮૫–૮૯–૯૧–૯૬–૨,૦૨–૦૬–૧૬–૧૯–૨૬–૩૩–૩૭–૩૮ અને ૨૪૪ ના ( ૨૮ ) લેખો સંવત્ ૧૩૭૮ ની સાલના છે. અર્થાત્ મુખ્ય લેખમાં જણાવ્યા પ્રમાણે માંડવ્યપુર ( મંડોઉર ) નિવાસી લલ્લ અને વીજડે જ્યારે આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તેજ વખતના આ લેખો છે. આ લેખો ઉપરથી એમ જણાય છે કે લલ્લ અને વીજડે તો મૂળ મંદિરનો ઉદ્ધાર કર્યો હતો અને બીજા દાતાઓએ કેટલીક દેવકુલિકાઓનો ઉદ્ધાર કર્યો હતો તથા કેટલાકે પ્રતિમાઓ પધરાવી હતી. આ દાતાઓમાંથી ઘણા ખરા તો માંડવ્યપુરના જ રહેવાસી હતા. પ્રતિષ્ઠા કરનાર આચાર્યોમાં મુખ્ય ભાગ જ્ઞાનચંદ્રસૂરિએ જ ભજવ્યો જણાય છે. તથાપિ નં. ૧૪૪–૪૫ માં મલધારી શ્રીતિલકસૂરિ, નં. ૧૬૮ માં સોમપ્રભસૂરિ, નં. ૨૦૨ માં હેમપ્રભસૂરિ શિષ્ય રામચંદ્રસૂરિ અને નં. ૨૦૬ ના લેખમાં ઉકેશગચ્છીય કક્કુદાચાર્ય સંતાનીય

૨૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કક્કસૂરિનું પણ નામ આવેલું છે. આ ઉપરથી જણાય છે કે એ જીર્ણોદ્ધાર વખતે, આ આચાર્યો પણ ત્યાં વિદ્યમાન હતા.

નંબર ૧,૬૯-૭૦-૭૨-૭૪-૭૫-૭૬-૭૭-૮૦-૮૩-૮૫-૮૬-૮૮-૯૦-૯૨-૯૫-૯૭-૯૯-૨૦૦-૦૪-૦૫-૦૭-૦૮-૧૧-૧૩-૧૪-૧૫, અને ૨૨૨ વાળા (૨૭) લેખો સંવત્ ૧૨૪૫ ના છે. આ લેખો ઉપરથી જણાય છે કે એ વખતે પણ એ મંદિરનો ઉદ્ધાર કે પ્રતિષ્ઠા મહોત્સવ જેવું કાંઈ વિશેષ કાર્ય થયું હશે. એ લેખોમાં મુખ્ય રીતે પ્રાગ્વાટ જ્ઞાતીય મહામાત્ય પૃથ્વીપાલના પુત્ર મહામાત્ય ધનપાલનું નામ આવે છે. એ મહામાત્ય ક્યાંનો રહેવાસી હતો તે આ લેખો ઉપરથી જાણી શકાતું નથી. હસ્તિશાળાની અંદર એના નામનો પણ એક હાથી ઉભો છે.* ૧૫૭ નંબરના લેખમાં, જે સંવત્ ૧૨૦૪ નો છે, આનંદ પુત્ર પૃથ્વીપાલ મંત્રીનું નામ છે તે ઘણા ભાગે એ ધનપાલનો પિતા જ પૃથ્વીપાલ હશે. કારણ કે હસ્તિશાળામાં ધનપાલના હાથી સાથે પૃથ્વીપાલ અને આનંદના નામના પણ એકેક હાથી ઉભો છે અને જેના ઉપર એજ ૧૨૦૪ ની સાલ છે. ૨૧૩ અને ૧૪ નંબરના લેખો મંત્રી યશોવીરના છે; જેનું વર્ણન ઉપર ૧૦૮-૦૯ નંબરના લેખાવલોકનમાં કરવામાં આવ્યું છે. ૨૧૩ નો લેખ તો ઉક્ત બંને લેખો જેવો જ છે. ૧૪ નો લેખ ગદ્યમાં છે અને તેમાં લખેલું છે કે,-મંત્રી યશોવીરે પોતાની માતા ઉદયશ્રીના શ્રેયાર્થે તોરણ સહિત દેવકુલિકા બનાવી તેમાં આ પ્રતિમા પધરાવી છે.

આ લેખોમાં પ્રતિષ્ઠા કરનાર તરીકે એક તો આરાસનવાળા બૃહદ્ગચ્છીય આચાર્ય યશોદેવસૂરિના શિષ્ય દેવચંદ્રસૂરિનું નામ છે, અને

* એ હાથી ઉપરથી સંવતનો આંક ભુંસાઈ ગયો છે પરંતુ પં. ગૌરીશંકર ઓઝાએ તેના ઉપર ૧૨૩૭ ની સાલ વાંચી છે, એમ તેમના 'सीरोही राज्यका इतिहास' ( પૃ. ૬૩ ) ના લખાણથી જણાય છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા +કાસહ્રદગચ્છના ઉદ્યોતનાચાર્ય સંતાનીય સિંહસૂરિનું નામ છે. ૨૧૫ ના લેખમાં રત્નસિંહસૂરિનું નામ પણ આપેલું છે.

નંબર ૨,૧૭–૧૮–૨૦–૨૧–૨૪–૨૭ અને ૪૩ વાળા ( ૭ ) લેખો સંવત્ ૧૨૧૨ ની સાલના છે પ્રતિષ્ઠાકારક આચાર્ય ( નં. ૨૧૮–૨૦ –૨૧ માં ) શીલભદ્રસૂરિના શિષ્ય ભરતેશ્વરસૂરિના શિષ્ય શ્રીવૈરસૂરિ જણાવ્યા છે.

નં. ૨૪૮ નો લેખ પણ એજ વર્ષનો છે. તેમાં લખ્યું છે કે—કોરંટગચ્છીય ઓશવંશીય મંત્રિ ધાંધુકે વિમલમંત્રીની હસ્તિશાળામાં આ આદિનાથનું સમવસરણ બનાવ્યું છે અને નન્નસૂરના શિષ્ય કક્કસૂરિએ એની પ્રતિષ્ઠા કરી છે.

૧૫૬ નંબરનો લેખ જે ૧૦ નંબરની દેવકુલિકાની જમણી બાજુ ઉપર કોતરેલો છે તે એક આર્યાછંદનું પદ્ય છે. તેમાં એજ કક્કસૂરિએ પોતાના ગુરૂ નન્નસૂરની સ્તુતિ કરેલી છે.

૧૩૫–૩૯–૪૩–૪૭ અને ૫૦ નંબરના લેખોની મિતિ સં. ૧૨૦૨ છે. પ્રતિષ્ઠા કરનાર કકુદાચાર્ય છે જેઓ ૨૦૬ નંબરના લેખમાં જણાવેલા ઉકેશગચ્છીય આચાર્ય કક્કસૂરિના પૂર્વજ છે.

૨૦૯ અને ૧૦ નંબરના લેખો સં. ૧૩૦૨ ના છે. તેમાં પ્રતિષ્ઠાતા તરીકે રૂદ્રપલ્લીય અભયદેવસૂરિના શિષ્ય દેવભદ્રાચાર્યનું નામ છે.

+ કાસહ્રદગચ્છ એ કાસહદ નામના ગામ ઉપરથી પ્રસિદ્ધિમાં આવ્યો છે. આબુપર્વતની પાસે આર. એમ. રેલ્વેના કીરલી–સ્ટેશનથી ૪ માઇલ ઉત્તરે ' કાયંદ્રા ' નામનું જે વર્તમાનમાં ગામ છે તેજ પુરાતન ' કાસહ્રદ ' છે એમ પં. ગૌરીશંકર ઓઝા પોતાના ' सिरोही राज्य का इतिहास ' ( પૃષ્ઠ ૩૬ ) માં જણાવે છે. એ ગામમાં એક પુરાતન જિનમંદિર પણ છે જેનો થોડા વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર થયો છે. તેમાં મૂલમંદિરની ચારે બાજુ બીજી ન્હાની ન્હાની દેવકુલિકાઓ છે જેમાંની એકના દ્વાર ઉપર વિ સં ૧૦૯૧ નો લેખ છે. ત્યાં એક બીજું પણ પ્રાચીન જૈનમંદિર હતું જેના પત્થરો વિગેરે ત્યાંથી લઈ જઈ રોહેડામાં નવા બનેલા મંદિરમાં લગાડી દેવામાં આવ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નં. ૧૫૧ નીચે આપેલા આઠ નામો, ૧૦ નં. ની દેવકુલિકાની અંદર શ્રાવકની જે આઠ મૂર્તિઓ છે તેમના નીચે કોતરેલા છે. આ આઠેનો પરસ્પર શો સંબંધ છે તે જાણી શકાયો નથી પરંતુ ૧૫૨ નં. વાળો લેખ જે એ જ દેવકુલિકામાં આવેલી પ્રતિમાના પદ્માસન નીચે આરસના એક કટકા ઉપર કોતરેલો છે તેથી આ આઠમાંના ૫ નો સંબંધ આ પ્રમાણે જણાય છેઃ—

શ્રી માલજ્ઞાતીય વીરમહામંત્રી.

મંત્રીનેટ.

લાલિગ.

મહિંદુક. મંત્રી દશરથ.

હસ્તિશાળાની અંદર વીર અને નેટના નામનો એકેક હાથી મૂકેલો છે, જેના ઉપર સંવત્ ૧૨૦૪ ની સાલ કોતરેલી છે.

નં. ૧૫૩ નો લેખ પણ એજ કુટુંબ સાથે સંબંધ ધરાવતો હોય તેમ જણાય છે. એની મિતિ સં. ૧૨૦૦ ના જેઠ વદિ ૧, શુક્રવાર છે. એમાં પ્રતિષ્ઠા કરનાર આચાર્ય નેમિચંદ્રસૂરિ છે.

૧૫૪ નંબરનો લેખ, આબુના લેખોમાં સર્વથી જુનો છે અને તેની સાલ સં. ૧૧૧૯ ની છે. આ લેખ ૧૩ નંબરની દેવકુલિકામાં આવેલી મુખ્ય પ્રતિમાના પદ્માસન નીચે કોતરેલો છે. આ બે શ્લોકોમાં છે. થારાપદ્ર ( જેને વર્તમાનમાં થરાદ કહે છે ) નિવાસી કોઇ કુટુંબના શાંતી નામના પૃથ્વી પ્રસિદ્ધ અને પરમશ્રાવક અમાત્યની સ્ત્રી શિવાદેવીના પુણ્ય માટે તેના નીન્ન અને ગીગી નામના અપત્યોએ આ પ્રતિમા કરાવી, એવી એ લેખની મતલબ છે.

૧૬૩ નંબરના લેખમાં જણાવ્યું છે કે—સં. ૧૬૯૪ માં પંડિત હરિચંદ્રગણિએ બીજા ૧૦ યતિઓ સાથે ( આબુની ) યાત્રા કરી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુના લેખોમાં બીજો નંબર ૧૮૪ નંબરવાળા લેખનો છે. કારણુ કે તે સં. ૧૧૮૭ ની સાલનો છે. ભદ્રસિણુક નામના ગામ નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના કેટલાક શ્રાવકોએ (નામો આપ્યાં છે) મળીને આબુ તીર્થ ઉપર આદિનાથની પ્રતિમા બનાવી જેની પ્રતિષ્ઠા બૃહદ્ગચ્છના સંવિગ્નવિહારી આચાર્ય વર્ધમાનસૂરિના પટ્ટધર પદ્મસૂરિના શિષ્ય ભદ્રેશ્વરસૂરિએ કરી; એટલો ઉલ્લેખ કરેલો છે.

૨૩૫ ના નંબર નીચે આપેલા નામો વિગેરે, જુદી જુદી સ્ત્રીપુરૂષોની મૂર્તિ ઉપર કોતરેલા છે જે મૂલમંદિરના રંગમંડપમાં બેસાડેલી છે.

નંબર ૨૩૯ અને ૪૦ વાળા લેખો, એજ રંગમંડપમાં ગભારાના દરવાજાની બંને બાજુએ બે કાયોત્સર્ગસ્થ પ્રતિમાઓ વિરાજિત છે તેમના ઉપર કોતરેલા છે. સં. ૧૪૦૮ છે. કોરંટગચ્છના મહં૦ ધાંધુકે પોતાના કુટુંબના શ્રેયાર્થે, [ આબુ ઉપરના ] યુગાદિદેવ ( આદિનાથ ) ના મંદિરમાં આ ' જિનયુગલ ' કરાવ્યું છે, અને જેની પ્રતિષ્ઠા કક્કસૂરિએ કરી છે; એવું લેખનું તાત્પર્ય છે.

મૂળ ગભારામાંથી બહાર નિકળતાં ડાવી બાજુએ જે ગોખલો છે તેમાં રહેલી પ્રતિમાના પદ્માસનની નીચે પત્થર ઉપર ૨૪૨ નંબરનો લેખ કોતરેલો છે. આ લેખ વસ્તુપાલનો છે. સંવત્ ૧૨૭૮ ની સાલમાં, મહામાત્ય વસ્તુપાલે પોતાના ભાઈ મલ્લદેવના પુણ્યાર્થે મલ્લિનાથદેવસહિત ખત્તક ( ગોખલો ) બનાવ્યો છે. એમ એ લેખમાં ઉલ્લેખ છે.

બાકીના કેટલાક લેખોમાં સાધારણુ રીતે મૂર્તિ કરાવનારેઓનાં નામો શિવાય વિશેષ કાંઇ નથી.

## ( ૨૪૯–૨૫૬ )

તેજ પાલના મંદિરની પાસે જે ભીમસિંહનું મંદિર કહેવાય છે તેમાં મૂલનાયક તરીકે પિત્તલમય આદિનાથ તીર્થંકરની પ્રતિમા પ્રતિષ્ઠિત છે તેની નીચે નં. ૨૪૯ નો લેખ, તથા તેની બંને બાજુએ



Jain Education International      For Private & Personal Use Only      www.jainelibrary.org

પરિકરની જે મૂર્તિઓ છે તેમની નીચે ૨૫૧ અને ૫૨ ના લેખો કોતરેલો છે. લેખનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ—

સંવત્ ૧૫૨૫ ફાલ્ગુણ સુદી ૭, શનિવાર, રોહિણી નક્ષત્રના દિવસે આબુ પર્વત ઉપર દેવડા શ્રીરાજધર સાગર ડુંગરસીના રાજ્યમાં સા૦ ભીમના મંદિરમાં, ગુજરાત નિવાસી, શ્રીમાલજ્ઞાતિના અને રાજમાન્ય મં. મંડનની ભાર્યા મોલીના પુત્ર મહં૦ સુંદર અને તેના પુત્ર મં. ગદાએ પોતાના કુટુંબ સમેત ૧૦૮ મણ પ્રમાણવાળા પરિકર સહિત આ પ્રથમજિનનું બિંબ કરાવ્યું છે અને તપાગચ્છનાયક શ્રીસોમસુન્દરસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીલક્ષ્મીસાગરસૂરિએ, સુધાનંદનસૂરિ સોમજયસૂરિ, મહોપાધ્યાય જિનસોમગણિ આદિ શિષ્ય પરિવાર સાહિત તેની પ્રતિષ્ઠા કરી છે.

૨૫૦ નંબરવાળો લેખ, એજ મૂર્તિની નીચે જે દેવીની મૂર્તિ છે તેના ઉપર કોતરેલો છે. એ લેખમાં, એ મૂર્તિઓ કરનારા કરીગરોનાં નામો કોતરેલા છે. મુખ્ય કારીગર દેવા નામે હતો જે મહિસાણા ( હાલનું મહેસાણા ) નો રહેવાશી હતો.

નં. ૨૫૩–૫૪ અને–૫૫ નીચે આપેલા લેખો પણ એજ મંદિરના રંગમંડપમાં જુદે જુદે ઠેકાણે બેસાડેલી મૂર્તિઓ ઉપર કોતરેલા છે.

૨૫૬ નંબર વાળો લેખ ખુદ મૂલનાયકની પ્રતિમાના પદ્માસનવાળા ભાગની ડાબી અને જમણી બાજુએ તથા પાછળના ભાગમાં કોતરેલો છે. પાછળના ભાગનો લેખપાઠ વાંચી શકાતો નથી કારણ કે તે ભીંતને અડેલો છે. તેથી એ લેખ ખંડિત જ આપેલો છે. એમાં પણ ઉપર પ્રમાણે જ હકીકત લખેલી છે.

આ લેખોમાં જણાવેલા લક્ષીસાગરસૂરિ તથા તેમના સહચરોનું વિસ્તૃત વર્ણન गुरुगुणरत्नाकर નામના કાવ્યમાં આપેલું છે. મંત્રી ગદાનું વર્ણન પણ થોડુંક એજ ગ્રંથમાં, તૃતીયસર્ગમાં બે ઠકાણે આપેલું છે. એ અમદાવાદનો રહેવાસી હતો. ગુર્જર જ્ઞાતિના મહાજનોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગેવાન અને સુલતાનનો+ મંત્રી હતો. જૈનધર્મનો એ પ્રભાવક શ્રાવક હતો. ઘણા વર્ષો સુધી એણે સરલભાવે પ્રત્યેક પાક્ષિક (ચતુર્દશી) દિવસે ઉપવાસો કર્યા હતા અને તેમના દરેક પારણે બસો ત્રણસો શ્રાવકોનું વાત્સલ્ય કરતો. એણે ૧૨૦ મણની પિત્તલની પ્રતિમા કરાવી આ આબુ ઉપરના ભીમસાહના મંદિરમાં ઘણા આડંબરની સાથે પ્રતિષ્ઠિત કરી. એ પ્રતિષ્ઠા કરવા માટે એણે અમદાવાદથી મોટો સંઘ કાઢયો હતો જેમાં હજારો માણસો અને સેંકડો ઘોડાઓ અને ૭૦૦ ગાડાઓ હતા. જ્યારે તે આબુ ઉપર આવ્યો ત્યારે 'ભાનુ' અને 'લક્ષ'* આદિ રાજાઓએ તેનો સત્કાર કર્યો હતો. આબુ ઉપર એણે એક લાખ સોના મહોરો ખર્ચી સાધર્મી વાત્સલ્ય, સંઘભક્તિ અને પ્રતિષ્ઠાદિ મહત્કાર્યો કર્યા હતાં. તથા એની પહેલાં એણે સોઝીંત્રિકા (હાલનું સોજીત્રા જે ચડોતરમાં પ્રસિદ્ધ કસબો છે ) નામના ગામમાં ૩૦૦૦૦ દ્રમ્મ ટંક ( તે વખતે ચાલતા સિક્કાઓ ) ખર્ચી નવીન જૈન મંદિર બનાવ્યું હતું. ×

## ( ૨૫૭–૨૬૨ )

આ નંબરો વાળા લેખો 'ખરતરવસતિ' નામના ચતુર્મુખ પ્રાસાદમાં આવેલા છે જેને હાલમાં કેટલાક લોકો 'સલાટનું મંદિર' કહે છે.

---

+ આ સુલતાન કયો હતો તેનું નામ આપ્યું નથી. પરંતુ અનુમાનથી જણાય છે કે તે મહમૂદ બેગડો હશે. કારણ કે એ સમયમાં એજ ગુજરાતનો સુલતાન હતો.

* 'ભાનુ' રાજા તે ઇડરનો રાવ ભાણજી છે જેની હકીકત ફાર્બસ સાહેબની 'રાસમાલા' ભાગ ૧, ના પત્ર ૬૨૧ ઉપર આપેલી છે. અને 'લક્ષ' રાજા તે સીરોહીનો મહારાવ લાખા છે જે સં. ૧૫૦૮ માં રાજ્યગાદીએ આવ્યો હતો અને સં. ૧૫૪૦ માં મરણ પામ્યો હતો.

× આ વૃત્તાન્ત માટે જુઓ 'गुरुगुणरत्नाकरकाव्य' ( કાશીની જૈનયશોવિજય ગ્રન્થમાલામાં પ્રકાશિત ) પૃ. ૩૪ અને ૩૬.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ્ય કરીને આ લેખો ઓશવાલ જ્ઞાતિના દરડાગોત્રવાળા કોઈ મંડલિક નામના શ્રાવકના છે. પ્રતિષ્ઠા કરનાર ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિ છે.

ક્ષમાકલ્યાણક ગણિની પટ્ટાવલી પ્રમાણે આ આચાર્ય સં. ૧૫૧૪ માં આચાર્ય પદ પામ્યા હતા અને સં. ૧૫૩૦ માં જેસલમેરમાં સ્વર્ગસ્થ થયા હતા. એ પટ્ટાવલિમાં આબુ ઉપર કરેલી એમની એ પ્રતિષ્ઠાનો પણ ' अर्बुदाचलोपरि नवफणपार्श्वनाथप्रतिष्ठाविधायक ' આવી રીતે ઉલ્લેખ કરેલો છે.

## ( ૨૬૩-૨૭૦ )

આ નંબરો નીચે આપેલા લેખો અચલગઢ ઉપર આવેલા ચૌમુખજીના મંદિરમાંની પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. આ પ્રતિમાઓ વિશાલ કાય અને પિત્તલમય બનેલી છે.

નં. ૨૬૩ અને ૨૬૮ વાળા લેખોની મિતિ સં. ૧૫૬૬ ના ફાલ્ગુન સુદી ૧૦ ની છે.

પ્રાગ્વાટ જ્ઞાતિના સં. સહસાએ અચલગઢ ઉપર, મહારાજાધિરાજ * જગમાલજીના રાજ્યમાં, આ 'ચતુર્મુખ વિહાર' બનાવ્યો જેની પ્રતિષ્ઠા તપાગચ્છના શ્રીસુમતિસૂરિના શિષ્ય કમલકલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિએ કરી. તે વખતે તેમની સાથે ચરણસુંદરસૂરિ આદી બીજો પણ કેટલોક શિષ્ય પરિવાર હતો.

આ લેખમાં જણાવેલા કમલકલશસૂરિથી કમલકલશા નામની તપાગચ્છની એક શાખા જુદી પ્રચલિત થઇ હતી. આ વિષયમાં लघुपोशालिकपट्टावली માં જણાવ્યું છે કે—સુમતિસાધુસૂરિએ પ્રથમ

* ' જગમાલ ' સીરોહિનો રાજા હતો. તે મહારાવ લાખાનો પુત્ર હતો. સંવત ૧૫૪૦ માં તે પોતાના પિતાની ગાદીએ બેઠો હતો. તેણે ૪૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું અને સંવત ૧૫૮૦ માં મરણ પામ્યો હતો. તેની વિશેષ હકીકત જુઓ ' सीरोही का इतिहास ' માં પૃષ્ઠ ૨૦૧ થી ૨૦૫.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્દ્રનંદી અને કમલકલશ નામના બે શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું. પરંતુ પાછળથી તેમને સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે કહ્યું કે આ બેને આચાર્યપદ આપ્યું તે ઠીક નહિં કર્યું કારણ કે એઓ ગચ્છનો ભેદ કરશે. તેથી સુમતિસૂરિએ ફરી એક નવા આચાર્ય બનાવ્યા અને તેમનું નામ હેમવિમલસૂરિ એવું આપ્યું. સુમતિસૂરિના સ્વર્ગસ્થ થયા પછી ઉક્ત બંને આચાર્યોએ પોતપોતાના જુદા સમુદાયો પ્રવર્તાવ્યા. જેમાંથી ઇન્દ્રનંદીસૂરિની શાખાવાળા ‘ કુતબપુરા ’ કહેવરાવા લાગ્યા અને કમલકલશસૂરિની શાખાવાળા * ‘કમલકલશા’ના નામથી ઓળખાવા લાગ્યા. મૂળ સમુદાય ‘ પાલણપુરા ’ ના નામે પ્રખ્યાત થયો. એજ કમલકલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિ આ લેખોક્ત પ્રતિષ્ઠા કરનાર છે.

નં. ૨૬૪, ૬૫ અને ૬૭ વાળા લેખો સંવત્ ૧૫૧૮ ની સાલના છે.

પ્રથમના લેખમાં નીચે પ્રમાણે હકીકત છેઃ—

મેદપાટ ( મેવાડ ) માં આવેલા§ કુંભલમેર નામના મહાદુર્ગમાં,

---

* ટિપ્પણમાં જણાવ્યું છે કે—

‘ कुतबपुरागच्छाद्धर्षविनयसूरिणा निगममतं कर्षितं, अपरनाम ‘ भूकटिया ’ मतं, पश्चात् हर्षविनयसूरिणा मुक्तो निगमपक्षः ब्राह्मणै रक्षितः (?) ’.

અર્થાત્—કુતબપુરા ગચ્છમાંથી હર્ષવિનયસૂરિએ ‘ નિગમમત ’ કાઢયું કે જેનુ બીજું નામ ‘ ભૂકટીયામત ’ છે. પાછળથી હર્ષવિનયસૂરિએ એ મત મૂકી દીધું હતું તે પછી બ્રાહ્મણોએ રાખ્યું ( ? )

§ આ ‘ કુંભકર્ણ ’ તે મેવાડનો પ્રખ્યાત મહારાણો ‘ કુંભો ’ છે. આ રાણો બહુ શૂરવીર અને પ્રતાપી હતો. મેવાડના રક્ષણ માટે જે ૮૪ કિલ્લાઓ બાંધેલા છે તેમાંથી ૩૨ તો આ રાણા કુંભાએ જ બંધાવ્યા છે. કુંભલમેરનો કિલ્લો પણ એણે જ બંધાવ્યો છે. મેવાડના બધા કિલ્લાઓમાં એ કિલ્લો બહુજ મજબૂત અને મહત્વનો ગણાય છે. સુપ્રસિદ્ધ જૈનતીર્થ ‘ રાણપુર ’ ની પાસે આવેલા પર્વત ઉપર એ કિલ્લો આવેલો છે,

૨૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાધિરાજ શ્રી કુંભકર્ણના વિજય રાજ્યમાં, તપાગચ્છના સંઘે કરાવેલા, અને આબુ ઉપર આણેલી પિત્તલની પ્રૌઢ એવી આદિનાથની પ્રતિમાવડે અલંકૃત થયેલા શ્રીચતુર્મુખ પ્રાસાદમાંના, બીજા આદિ દ્વારોમાં સ્થાપન કરવા માટે, શ્રીતપાગચ્છના સંઘે આ આદિનાથનું બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા ડૂંગરપુર નગરમાં રાઉલ શ્રીસોમદાસના રાજ્યમાં, ઓસવાલ જ્ઞાતિના સા. સાભાની સ્ત્રી કર્માદેના પુત્ર સા. માલા અને સાહ્લા નામના ભાઈઓએ કરેલા આશ્ચર્યકારક પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક, સોમદેવસૂરિ આદિ શિષ્ય પરિવારની સાથે તપાગચ્છનાયક શ્રીલક્ષ્મીસાગરસૂરિએ કરી છે. ડૂંગરપુરના સંઘની આજ્ઞાથી સૂત્રધાર લુંભા અને લાંપા આદિકોએ આ મૂર્તિ બનાવી છે.

આ લેખોમાં જણાવેલા પ્રતિષ્ઠા મહોત્સવનો ઉલ્લેખ गुरुगुणरत्नाकर ના તૃતીયસર્ગના પ્રારંભમાં ૩ જા અને ૪ થા પદ્યમાં કરેલો છે. એ પદ્યોમાં જણાવ્યા પ્રમાણે સા. સાહ્લા ડુંગરપુરના રાવલ સોમદાસનો મંત્રી હતો. તેણે ૧૨૦ મણના વજનવાળી પિત્તલની મ્હોટી જિનપ્રતિમા બનાવી હતી. એના કરેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં એ પ્રતિમાની તથા બીજી પણ અનેક પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરવામાં આવી હતી.

૨૬૯ નંબરવાલો લેખ, સંવત્ ૧૭૨૧ ની સાલનો છે. લેખની હકીકત આ પ્રમાણે છેઃ—

મહારાજાધિરાજ *શ્રીઅખયરાજના સમયમાં અમદાવાદ નિવાસી શ્રીમાલ જ્ઞાતિની વૃદ્ધશાખાવાળા દોસી પનીયાના સુત મનીયાની ભાર્યા મનરંગદેના પુત્ર દો. શાંતિદાસે આદિનાથનું બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા તપાગચ્છીય શ્રીહીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીવિજયસેનના પટ્ટધર વિજયતિલકસૂરિના પટ્ટધર વિજયાનંદસૂરિના શિષ્ય ભટ્ટારક વિજયરાજ સૂરિએ કરી છે.

---

* આ ' અખયરાજ ' તે સીરોહીનો રાજા બીજો અખયરાજ છે. એ સંવત્ ૧૭૩૦ માં મૃત્યુ પામ્યો હતો. એના માટે વિશેષ વૃત્તાંત જુઓ ' सीरोही का इतिहास ' પત્ર ૨૪૯ ૨૬૨.



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

( ૨૭૧ )

આબુ દેલવાડા ઉપર વિમલસાહના મંદિરના મુખ્ય રંગમંડપમાં આવેલા એક સ્તંભની પછવાડે એક ગ્રહસ્થની મૂર્તિ કોતરેલી છે તેની નીચે ૮–૧૦ પંક્તિમાં આ નંબર ૨૭૧ વાળો લેખ કોતરેલો છે. લેખ પદ્યમાં છે પરંતુ મ્હને જે આની નકલ ( પ્રતિકૃતિ–રબીંગ ) મળી છે તે એટલી બધી અસ્પષ્ટ છે કે પૂરેપૂરી વાંચી શકાતી નથી. પ્રારંભની ૪ પંક્તિઓ ઘણી મહેનતે વાંચી શકાણી છે. આ લેખ ઉપયોગી છે. કારણ કે આમાં તે શ્રીપાલકવિની હકીકત છે જે ગુર્જરપતિ સિદ્ધરાજ જયસિંહનો મિત્ર (ભાઈબંધ) હતો. તે જાતિએ પ્રાગ્વાટ વણિગ્ હતો અને આ લેખમાં જણાવ્યા પ્રમાણે તેના પિતાનું નામ લક્ષ્મણ હતું. એ મહાકવિ હતો અને ' કવિરાજ ' એવું એનું ઉપનામ હતું. પ્રભાચંદ્રના રચેલા प्रभावकचरितના ' દેવસૂરિ પ્રબંધ ' અને ' હેમચંદ્રપ્રબંધ ' માં અનેક સ્થળે એ કવિનું વર્ણન આવેલું છે. એનો પુત્ર સિદ્ધપાલ હતો તે પણ મહાકવિ હતો. તેને પણ વિજયપાલ નામે પુત્ર હતો અને તે પણ કવિ હતો. વિજયપાલનું બનાવેલું द्रौपदी स्वयंवर નામનું નાટક હાલમાં મળ્યું છે જે મ્હેં પ્રકટ કર્યું છે. તેની પ્રસ્તાવનામાં આ કવિવંશનું વિસ્તૃત વર્ણન આપ્યું છે તેથી જીજ્ઞાસુએ વિશેષ ત્યાં જોઈ લેવું.

આ લેખ ઉપર જે ગ્રહસ્થની મૂર્તિ છે તે ઘણા ભાગે કવિરાજ શ્રીપાલનીજ હોય તેમ જણાય છે.

એ લેખને ફરી તપાસવાની આવશ્યકતા છે અને એની સંપૂર્ણ નકલ લેવાની ખાસ જરૂરત છે. મ્હારી પાસે જે આની પ્રતિકૃતિ છે તેમાં અસ્પષ્ટ જણાતા નીચેના ભાગમાં જે કેટલાક અક્ષરો જણાય છે તેમનાથી અનુમાન થાય છે કે એ ભાગમાં એના પુત્રોનાં નામો આપેલાં હોવાં જોઈએ.

( ૨૭૨–૨૭૬ )

આબુ પર્વતની નીચે, ખરાડીથી લગભગ ૪ માઈલ પશ્ચિમે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂંગથલા કરીને એક ગામ છે તેજ પ્રાચીન મુંડસ્થલ મહાતીર્થ છે. એ ગામ પૂર્વે ઘણી સારી રીતે આબાદ હતું એમ ઐતિહાસિક ઉલ્લેખોથી જણાય છે; પરંતુ વર્તમાનમાં તો એ તદ્દન ઉજ્જડ જેવું લાગે છે. गुरुगुणरत्नाकर કાવ્ય ઉપરથી જણાયછે કે તપગચ્છાચાર્ય શ્રીમુનિસુન્દરસૂરિએ મુંડસ્થલમાં સં. ૧૫૦૧ માં લક્ષ્મીસાગરને વાચકપદ આપ્યું હતું અને તે વખતે તેમના ભાઈ સંઘપતિ ભીમે એ પદનો ઘણા ઠાઠથી મહોત્સવ કર્યો હતો.* એ ગામમાં હાલમાં કેટલાંક તૂટેલાં મંદિરો પડયાં છે. તેમાં એક જૈન મંદિર પણ વિશાલ આકારવાળું દેખાતું દૃષ્ટિગોચર થાય છે. એજ મંદિરના સ્તંભો વિગેરે ઉપર નં. ૨૭૨ થી ૭૬ સુધીના લેખો કોતરેલા છે.

પ્રથમના બે લેખો સં. ૧૨૧૬ ના છે તેમાં વીસલ અને દેવડા નામના શ્રાવકોએ આ સ્તંભો કરાવ્યાં છે આવો ઉલ્લેખ કરેલો છે. બીજા બે લેખો સં. ૧૪૨૬ ની સાલના છે. તેમાં જણાવ્યું છે કે–કોરંટ ગચ્છવાળા નન્નાચાર્યના વંશમાં, મુંડસ્થલ ગ્રામમાં શ્રીમહાવીર સ્વામિના મંદિરનો પ્રાગ્વાટ જ્ઞાતિના ઠ. મહિપાલની ભાર્યા રૂપિણીના પુત્ર સિરપાલે જીર્ણોદ્ધાર કર્યો. કલશ અને દંડની પ્રતિષ્ઠા કરાવી. આજુબાજુની ૨૪ દેવ કુલિકાઓમાં બિંબોની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા કરનાર કક્કસૂરિના શિષ્ય સાવદેવસૂરિ.

૨૭૬ નંબરનો લેખ સં. ૧૪૪૨ ના વર્ષનો છે. તેમાં રાજા કાન્હડદેવના પુત્ર વીસલદેવે, આ મહાવીરના મંદિરમાં સવાડીયા ઘાટ (?) દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે.

---

* मुण्डस्थलेऽथ मुनिसुन्दरसूरिभिर्यै–
यैं स्थापितास्तदनु वाचकतापदव्याम् ।
भीमेन सङ्घपतिना निजबान्धवेना–
ऽऽरब्धोद्धवे विधुवियद्वसुधाङ्कवर्षे ॥
—प्रथमसर्ग, ९० पद्य ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ મંદિરમાંની એક મૂર્તિ આબુ ઉપરના તેજપાલના મંદિરમાં છે જેના ઉપર ૧૨૮ નંબર વાળો લેખ કોતરેલો છે. આથી જણાય છે કે જ્યારે આ ગામ ભાંગ્યું ત્યારે આ મંદિરમાંની મૂર્તિઓ આબુ ઉપર લઈ જવામાં આવી હશે. તેજપાલના મંદિરમાંના બીજા લેખમાં ( નં. ૬૫ ) મુંડસ્થલ ને મહાતીર્થ તરીકે જણાવ્યું છે તેથી સમજાય છે કે તે વખતે એ સ્થલ મહત્ત્વનું મનાતું હશે અને ત્યાં પ્રાચીન જૈન મંદિરો વધારે હશે. ચંદ્રાવતીની જ્યારે ચઢતી કલા હતી ત્યારે તેની આસપાસનો આ બધો પ્રદેશ સમૃદ્ધિ અને જૈન પ્રજાથી ભરપૂર હતો એમ નિઃશંસય રીતે આ લેખો ઉપરથી જણાય છે. મુસલમાનોના આક્રમણોના લીધે ચંદ્રાવતી ઉજ્જડ થઈને તેની સાથે તેના સમીપવર્તી સ્થળો પણ નષ્ટ થયાં. કાલના કઠોર પ્રહારોથી જર્જરિત થઈ સદાના માટે નામશેષ થઈ જવાની અણી ઉપર આવી રહેલા આ મુંડસ્થલ જેવા સ્થલોના ભગ્નાવશેષ મંદિરોને તેમ થતાં અટકાવનાર કોઈ સિરપાલ જેવો શ્રાવક બહાર પડે તો ઘણું સારૂં થાય.